# ॥ ધનની મહાપ્રાર્થના ॥

ડૉ. જિતેન્દ્ર અઢિયા એમ.ડી. • દીપક ધાબલિયા

## આપણા અર્ધજાગ્રત મનનું ધન વિશે
## પ્રોગ્રામિંગ કરવા માટેની પ્રાર્થના

RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market.
Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Ph.: 079-26447393 • Mobile: 098259 25947
email: rudrapublication1@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery: Mobile : +91-99241 43847**

ધનની મહાપ્રાર્થના

ડૉ. જિતેન્દ્ર અઢિયા, દીપક ધાબલિયા

Copyright @ Adhia International

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

First Edition - 25 February, 2014

**₹ 30/-**

: Creative Consultant :
Prajvalit
(Ankit Parghi)
9377113541

: Design & Layout :
Manu Patel
9898390057

: Printing :
Rudra Publication

: Publisher :
Adhia International
Ahmedabad
www.mindtraininginstittute.net



# ધનની મહાપ્રાર્થના

**શ્રી ............................................ ને**

**સપ્રેમ ભેટ**

આપ ધનની આ પ્રાર્થના ૨૧ દિવસ સુધી સતત કરશો તો આપના અર્ધજાગ્રત મનનું ધન વિશે હકારાત્મક પ્રોગ્રામિંગ થઈ જશે.

આ પ્રાર્થનાનાં વાક્યો, આમાં બોલાયેલા શબ્દો આપના જીવનમાં હકીકત બની જશે. આપ જીવનમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ મેળવશો તથા ખરા અર્થમાં ધનવાન બની શકશો એવી સર્વે શુભેચ્છાઓ સાથે આ નાનકડી ભેટ અર્પણ કરતાં હું આનંદ અનુભવું છું.

**સહી** : ______________________________

**તારીખ** : ______________________________

**સ્થળ** : ______________________________

## ધનની આ મહાપ્રાર્થના શા માટે ?

વિશ્વશક્તિના નિયમ પ્રમાણે આપણી બહારની દુનિયા એ આપણી અંદરની દુનિયાનું જ પ્રતિબિંબ છે.

ધન વિશે આપણા લોકોમાં ઘણાં બધા નકારાત્મક વિચારો અને માન્યતાઓ પ્રવર્તે છે, જે તેમને ધનવાન બનતા અટકાવે છે. ધનવાન બનવા માટે આપણે તેમને હકારાત્મક બનાવવા પડશે. ‘ધનની મહાપ્રાર્થના’ આ જ હેતુથી લખાઈ છે.

મનના સિદ્ધાંત મુજબ જે વસ્તનું આપણે નિયમિત શબ્દો દ્વારા રટણ કરીએ છીએ, તે વસ્તુ કે પરિસ્થિતિ આપણા જીવનની હકીકત બની જાય છે. આપ જો નિયમિત રીતે આ પ્રાર્થના કરતા રહેશો, તો આપ સાચા અર્થમાં ધનવાન બની જશો. જ્યારે એમ થાય ત્યારે અમને E-mail દ્વારા જાણ કરવા વિનંતી છે.

શુભેચ્છા સહ,

ડૉ. જિતેન્દ્ર અઢિયા, દીપક ધાબલિયા
info@mindtraininginstitute.net

# ધનુક્રમણિકા


| પ્રાર્થના | પાના નં. |
|---|---|
| • મારી પાસે ધન પહેલેથી જ છે. | ૭ |
| • હું ધનનું શક્તિશાળી ચુંબક છું. | ૮ |
| • હું ધનવાન બનવા પૂર્ણપણે લાયક છું. | ૯ |
| • હું ધનવાન બનવા પૂર્ણપણે તૈયાર છું. | ૧૦ |
| • ધન સા-ધન છે, ધનપ્રાપ્તિ સા-ધના છે. | ૧૧ |
| • ધન મારાં માતા-પિતા સમાન છે. | ૧૨ |
| • ધનમાં મને સંપૂર્ણ શ્રદ્ધા છે. | ૧૩ |
| • ધન વરદાયિની કામધેનુ છે. | ૧૪ |
| • હું ધનથી છલોછલ રહું છું. | ૧૫ |
| • મારો સમય મૂલ્યવાન છે. | ૧૬ |
| • ધન મારી મૌન ભાષા છે. | ૧૭ |
| • હું લાલચથી દૂર રહું છું. | ૧૮ |
| • ધનનાં વાવેતરનો હું કુશળ ખેડૂત છું. | ૧૯ |
| • મારાં ધનનું ત્રાજવું સંતુલિત છે. | ૨૦ |
| • ધનના ધનુષ્યનો હું પ્રવીણ તીરંદાજ છું. | ૨૧ |
| • હું મારા આત્માનો દાસ છું. | ૨૨ |
| • ધન આધ્યાત્મનો ધોરીમાર્ગ છે. | ૨૩ |
| • ધન મારામાં પરિવર્તન લાવ્યું છે. | ૨૪ |
| • ધને મારો કાયાકલ્પ કર્યો છે. | ૨૫ |
| • ધને મને પુનર્જન્મ આપ્યો છે. | ૨૬ |

# વિશિષ્ટ શબ્દપ્રયોગ

(૧) **ધાનિક** : ધનમાં પૂરી શ્રદ્ધા ધરાવતો વ્યક્તિ જેમ કે,

**ધાર્મિક** : ધર્મમાં પૂરી શ્રદ્ધા ધરાવતો વ્યક્તિ.

(૨) **ધનુષ્ય** : ધનની શક્તિ ધરાવતો મનુષ્ય જેમ કે,

**મનુષ્ય** : મનની શક્તિ ધરાવતો જીવ

(૩) **ધાનવી** : ધનનું ધાન ઊગાડનાર કુશળ ખેડુત

**માનવી** : મનની મિલક્ત ધરાવનાર જીવ

**હું ધનનું શક્તિશાળી ચુંબક છું.**

# ।। મારી પાસે ધન પહેલેથી જ છે ।।

ધનનું રહસ્ય હું જાણી ચૂક્યો છું.
મારી પાસે ધન પહેલેથી જ છે.
મન મારું ધન છે, તન મારું ધન છે.
બ્રહ્માંડનો પ્રત્યેક પદાર્થ ધન છે.
મારા વિચારો અને મારી કલ્પનાઓ ધન છે.
મારી આવડતો અને મારી ક્ષમતાઓ ધન છે.

ધનવાન બનવા માટે મને
કોઈ બાહ્ય મૂડીની જરૂર નથી.
મારા જન્મ સાથે જ તે મને મળી છે.

મારી શારીરિક શક્તિ રૂપે;
મારી માનસિક શક્તિ રૂપે.
જે મારી સાચી, પોતીકી, અખૂટ મૂડી છે.

જેનાથી દુનિયાના પ્રત્યેક પદાર્થને
ભૌતિક સ્વરૂપ આપીને જ, હું
સાચા અર્થમાં ધનવાન બનવા માગું છું.

**હું ધનનું શક્તિશાળી ચુંબક છું.**

# ।। હું ધનનું શક્તિશાળી ચુંબક છું. ।।

બીજું એક રહસ્ય હું જાણું છું.

રેતીના ઢગલામાં છુપાયેલી
લોખંડની રજકણો માફક,
પૃથ્વીના કણે-કણમાં,
બ્રહ્માંડના અણુએ-અણુમાં
પુષ્કળ ધન છુપાયેલું છે.

દુનિયાના ખૂણે-ખૂણામાંથી,
બ્રહ્માંડના છેવાડેથી પણ,
આ ધનને મારા અસ્તિત્વમાં
સરળતાથી આકર્ષવાની
મારામાં પ્રચંડ આકર્ષણશક્તિ છે.

હું જ્યાંનો ત્યાં જ રહું છું અને
ધન સ્વયં મારામાં ખેંચાઈ આવે છે.

કારણ કે,
મારામાં પ્રચંડ આકર્ષણશક્તિ છે.

હું ધનનું શક્તિશાળી ચુંબક છું.

**હું ધનનું શક્તિશાળી ચુંબક છું.**

# ॥ હું ધનવાન બનવા પૂર્ણપણે લાયક છું. ॥

મને એ વાતની ખાત્રી છે કે
હું ધનવાન બનવા માટે પૂર્ણપણે લાયક છું.
કારણ કે,
મારામાં અપાર કલ્પનાશક્તિ છે.
મારામાં અખૂટ સર્જનશક્તિ છે.
મારામાં ત્વરિત નિર્ણયશક્તિ છે.
મારામાં અતૂટ સંકલ્પશક્તિ છે.
મારામાં અવિરત કર્મશક્તિ છે.
મારું મનોબળ મક્કમ છે.
મારો જીવનવ્યવહાર નૈતિક છે.
મારા સામાજિક સંબંધો તંદુરસ્ત છે.
હું દીર્ઘદ્રષ્ટા છું.
હું સદા હકારાત્મક વિચારું છું.
હું નીડર અને સાહસિક છું.
હું તકોનો પ્રવીણ પારખુ છું.
હું ધનવાન બનવા પૂર્ણપણે લાયક છું.

**હું ધનનું શક્તિશાળી ચુંબક છું.**